# આપણી વાત

-સંકલનઃ પ્રફુલ્લ રાવલ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને શોભિત દેસાઈ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગઝલવિશ્વના બે અગ્રણી શ્રી અમૃત 'ઘાયલ' અને શ્રી અબ્બાસ વાસી 'મરીઝ'ના શતાબ્દીવર્ષ નિમિત્તે મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિષદના મહામંત્રી શ્રીપ્રફુલ્લ રાવલે પરિષદ વતી સ્વાગત કર્યું હતું અને શતાબ્દીવંદનાની ભૂમિકા કહી હતી. શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, ગૌરાંગ ઠાકર, અનંત રાઠોડ, ચંદ્રેશ મકવાણા, ભાવેશ ભટ્ટ અને ભાવિન ગોપાણીએ પોતાની ગઝલોનું પઠન કર્યું હતું. આ બેઠકનું સંચાલન શોભિત દેસાઈએ કર્યું હતું. આ પ્રસંગે શ્રી શોભિત દેસાઈસંપાદિત અમૃત 'ઘાયલ'નું 'ગઝલશતક' અને મરીઝનું 'ગઝલશતક' એ બે પુસ્તકોનું લોકાર્પણ શ્રી જલન માતરીના હસ્તે થયું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત "એની સરેયા લેખિકા પ્રોત્સાહન નિધિ' અંતર્ગત દર મહિને કાવ્ય-પાઠશાળાનું આયોજન થાય છે. જેમાં તા. ૫-૪-૨૦૧૬ના રોજ 'કાર્યશિબિર' યોજાઈ. તેમાં યોગેશભાઈ અને પારુલબહેને કેટલીક ઉત્તમ કવિતાઓનું પઠન કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત તમામ બહેનોએ તેમની કવિતાનું પઠન કર્યું અને તેના વિશે ચર્ચા થઈ. તા. ૩-૫૨૦૧૬ના રોજ કાવ્ય-પાઠશાળામાં આદરણીયશ્રી ધીરુબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમની ઉપસ્થિતિએ બહેનોને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરાં પાડ્યાં હતાં. શ્રી ધીરુબહેન અને પારુલબહેને 'એની સરેયા પ્રોત્સાહન નિધિ'ના આરંભ વિશે વિગતે પરિચય કરાવ્યો હતો. ૭મી મેના માતૃ દિનને કેન્દ્રમાં રાખીને શ્રી યોગેશ જોષીએ રઘુવીર ચૌધરી, સુન્દરમ્ અને ધીરુબહેન પટેલની 'મા' વિશેની કવિતાઓનું પઠન કર્યું હતું. ધીરુબહેને કમલ વોરાની 'વૃદ્ધદશક' કવિતાના કેટલાક અંશોનું પઠન કર્યું હતું. ત્યાર પછી બહેનોએ લખેલી સ્વરચિત કવિતાઓનું પઠન અને ચર્ચા થયાં હતાં. દરેક બહેનોએ એક-એક કાવ્યરચનાનું પઠન કર્યા પછી સુંદર, સચોટ અને ભીતરથી તરબોળ થઈ જવાય એવી ચર્ચા સાથે સમજણ માર્ગદર્શકો દ્વારા મળી હતી. કાવ્ય-પાઠશાળામાં ઉત્તરોત્તર સારાં કાવ્યો સર્જાય છે. તેનો આનંદ બધાંએ વ્યક્ત કર્યો.

-પારુલ બારોટ

તા. ૫-૫-૨૦૧૬ના રોજગુરુવારે પાક્ષિકોમાં દીવાન ઠાકોરે વાર્તા પુસ્તક અને કાલ્પનિક માણસ'નું પઠન કર્યું હતું. પઠનને અંતે ચર્ચા થઈ હતી. વાર્તા સ્વની શોધની હતી. દરેકને વાતાં રસપ્રદ જણાઈ હતી. સર્વશ્રી સતીશ વૈષ્ણવ, ઉર્વી પંડિત, ગિરિમા ઘારેખાન, અરવિંદ ઠાકોર, હસમુખ કે. રાવલ, દીના પંડ્યા વગેરેએ ચર્ચામાં ભાગ લીધો હતો.

તા. ૧૯-૫-૨૦૧૬ના રોજ ગુરુવારે શ્રી કિરીટ દૂધાતે નવલકથાના પ્રથમ પ્રકરણનું પઠન કર્યું હતું. આઝાદી પછીનાં ૨૦ વર્ષ પછીની ગામડાંની શાળાની સ્થિતિનું આલેખન રસપ્રદ રીતે થયું હતું. હાસ્ય અને વ્યજના દ્વારા ઘટનાઓ આલેખાઈ હતી. શ્રી ઉષાબહેન ઉપાધ્યાયે કહ્યું કે પાત્રોની રચના સરસ રીતે કરી છે. કેટલાક શબ્દો કથાને સાનુકૂળ નથી. શ્રી રમેશ ર. દવેએ કથાની વિશેષતા દર્શાવી હતી. શ્રી રાજેન્દ્ર પટેલે જણાવ્યું કે કથા સ્મરણકથા સમાન જણાય છે. શ્રી હરીશ ખત્રીએ જણાવ્યું કે પાત્રાલેખન ખૂબ સરસ થયું છે.

તા.૧૬-૬-૨૦૧૬ને ગુરુવારે શ્રી અભિમાન્યુ આચાર્યએ મૌલિક વાર્તાનું પઠન કર્યું હતું. વાર્તાનો વિષયપ્રણયત્રિકોણનો હતો, જેમાં આધુનિક શૈલીમાં સરસ રજૂઆત થઈ હતી. કથન શૈલી પ્રયોગશીલ કહી શકાય. ત્રણ પાત્રોનાં વર્ણન દ્વારા વાર્તા આગળ વધતી હતી. વાર્તાપઠન પછીની ચર્ચામાં કેટલાકના મતે વાર્તા વધુ પડતા ખંડોમાં મુકાઈ હોવાથી અને સંકલનનો અભાવ દેખાતો હોવાથી સાતત્યપૂર્ણ બની શકી ન હતી. પાત્રની એકોક્તિઓમાં એકધારાપણું જોવા મળતું હતું. વાર્તામાં વધુ મથામણની જરૂર જણાતી હતી.

## નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના ક. લા. સ્વાધ્યાયમંદિર હસ્તક શ્રી બી. કે. મજૂમદાર ટ્રસ્ટ પ્રકાશનશ્રેણી અંતર્ગત નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે નવોદિત લેખકો-લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા ૧૫૦ની રહેશે. હસ્તપ્રતની ટાઇપ કોપી મોકલવી, હસ્તપ્રત તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં પરિષદના કાર્યાલયમાં મોકલી આપવા વિનંતી.